ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ઘ-૫ના ચોપાટીબજારમાં રોજ ત્રણ લાખની ચટાકેદાર વાનગીઓ ખવાય છે

## પાણી પુરીથી લઈ પરોઠા શાક અને પંજાબી ડીશ અહિં ઉભા રહી નગરજનો હોંશે હોંશે ખાય છે : શનિ-રવિની રજાઓમાં સંખ્યા બેવડાય છે : ઘ-૫નું ખાણીપીણી બજાર નગરના મધ્યમવર્ગીય સમાજની ઓળખ આપે છે

ગાંધીનગર, તા. ૧૯

સ્વાદિષ્ટ, ચટાકેદાર અને ચટપટુ જમવા માટે શહેરીજનો ઘ-૫ સ્થિત ચોપાટી પર જાય છે. જ્યાં દરેકને પોતાના સ્વાદનુસાર જમવાનું મળે છે. ચોપાટી વિસ્તારમાં જ રોજનું અંદાજીત રૂ. ૩ લાખથી વધુનું મસાલેદાર ઉપરાંત પકોડી, દાબેલી, સેન્ડવીચ, પીઝા, પફ, વગેરે ચીજવસ્તુઓ અહીં ઉપલબ્ધ છે. દરેકને પોતાની મહેનત અનુસાર ૫૦૦ થી ૨૦૦૦ રૂપિયા જેટલો નફો મળે છે. દરેક તહેવારોમાં જમવા માટે અહીં ભીડ ઉમટી પડે છે. ત્યારે તેમની માંગને પહોંચી વળવા માટે




માલસામાનનો જથ્થો વધુ રાખવો પડે છે. ચોમાસાની ઋતુમાં ધંધામાં થોડો ફરક પડે છે તેમ વેપારીઓએ જણાવ્યું હતું. ચોપાટી વિસ્તારમાં ૨૦૦ થી પણ વધુ મજુરો કામ કરે છે. અને પોતાનું પેટીયુ રળે છે. પશ્ચિમના દેશોની જેમ શહેરની ગૃહિણીઓ પણ રવિવારે રસોઈમાં રજા પાડી પોતાના પરિવાર સાથે ચોપાટી બજારમાં જમવા આવે છે. તેમજ શહેરની વિવિધ હોટલો અને ગલ્લા



ખાવાનું ઝાપટી જાય છે. તહેવારોમાં અને વીક એન્ડમાં અહીંયા માણસનું કીડીયારૂ ઉભરાય છે. શહેરના સૌથી જુના એવા આ ચોપાટીબજારનું મધ્યમ વર્ગીય શહેરીજનોના હૃદયમાં એક અનોખુ સ્થાન છે.

ગાંધીનગર શહેરમાં ઘ-૫ વિસ્તાર પહેલીથી જ ચોપાટી બજાર તરીકે ઓળખાય છે. શરૂઆતના સમયમાં માત્ર દસ લારી ત્યાં ઉભી રહેતી હતી. જેમાં પકોડી, દાબેલી, આમલેટ, આઈસ્ક્રીમ, ખારેક સેન્ટર, ભાજીપાઉની હતી. સમય જતાં દિવસે દિવસે વિસ્તાર વિકસતો ગયો અને શહેરની ભૂગોળ પણ બદલાતી ગઈ. શહેરીજનોની સંખ્યામાં પણ વધારો થતાં ઘ-૫ સ્થિત ચોપાટી બજારની લારીઓમાં પણ સતત વધારો થતો રહ્યો છે. ચોપાટી બજાર નાસ્તા અને અવનવા ફુડ માટે નગરજનોના હૃદયમાં નોખુ સ્થાન ધરાવે છે. અત્યારે હાલના સમયમાં આ ચોપાટી બજારમાં ૯૦ થી વધારે ખાવા-પીવાની લારીઓ-રીક્ષાઓ છે. જેમાં પંજાબી, ચાઈનીઝ, સાઉથ ઈન્ડીયન, રાજસ્થાની દાલબાટી, ગુજરાતી થાળી, પરોઠા શાક, નોનવેજ બજારમાં થઈ અંદાજે રોજનું ૧૫ લાખથી વધુનો નાસ્તો, ફુડ ઝાપટી જાય છે.

મહિને લગભગ એકાદ-દોઢ કરોડનું ટર્નઓવર ધરાવતા આ ચોપાટી બજારમાં મળતા નાસ્તા અને ફુડમાં ગુણવત્તા જળવાય તે જોવાની જવાબદારી મનપાની છે. વસાહતીઓના આરોગ્યની વાત હોય ત્યારે અહીં મળતા ફુડની ચકાસણી વારંવાર થવી જોઈએ અને ગુણવત્તા ઓછી હોય કે માલસામાન બગડેલો જણાય તો જરૂરીયાત અનુસાર દંડ પણ થવો જોઈએ એવી વસાહતીઓની લાગણી છે.





જય જિનેન્દ્ર - સેક્ટર-૩ સ્થિત જૈન દેરાસરના દશાબ્દિ મહોત્સવ નિમિત્તે રવિવારે વહેલી સવારે ધજારોહણનો માંગલિક કાર્યક્રમ યોજાયો હતો. જૈન સમાજના ભાવિકો મોટી સંખ્યામાં દેરાસર ખાતે પધાર્યા હતા. ધજારોહણ બાદ પૂજ્ય અરૂણોદયસાગર મહારાજ સાહેબનું વ્યાખ્યાન યોજાયું હતું અને ત્યારબાદ સિદ્ધચક્રની મહાપૂજાનો કાર્યક્રમ ભાવપૂર્વક સંપન્ન થયો હતો. ત્રિદિવસીય કાર્યક્રમના સમાપન પ્રસંગે સમગ્ર ગાંધીનગરના જૈન સમાજના પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરની સરકારી વસાહતોને તાકિદ મરામત કરાવવા મહાસંઘની માંગ

## યોગ્ય અભ્યાસ કરી અગ્રતાના ધોરણે રીનોવેશન કરવા મહાસંઘની માંગ : છઠ્ઠા પગાર ધોરણના મામલે પણ ટુંકમાં સમિતિની રચના કરી લડત આરંભાશે

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં સ્થિત સરકારી વસાહતોના રહીશોની ફરિયાદ સાંભળાવાળુ કોઈ તંત્ર નથી...! સુવિધાના ભારોભાર અભાવ વચ્ચે ભયજનક આવાસમાં રહેતા કર્મચારીગણની ફરિયાદોનો નિકાલ થતો નથી. સ્થાનિક ઈન્કવાયરી કચેરીઓ પણ શોભાના ગાંઠિયા સમાન છે. ત્યારે રીનોવેશનની કામગીરી પણ અગ્રતાક્રમ મુજબ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. બીજીતરફ કેન્દ્રના ધોરણે છઠ્ઠા પગાર ધોરણનો લાભ આપવાના મામલે પણ સરકાર જક્કી વલણ અપનાવતા કર્મચારીઓ ધુંઆ-પુઆં થયા છે.

શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર શહેરમાં વિવિધ કેટેગરીના અંદાજિત ૧૬ હજાર જેટલા આવાસો આવેલા છે. સરકારી આવાસોમાં ગેસ પાઈપનું જોડાણ આપવામાં આવ્યું છે. જ્યારે કર્મચારીઓ પાસેથી કેટેગરી મુજબ ડીપોઝીટ પણ લેવામાં આવી છે. પરંતુ ડીપોઝીટની વસુલી સામે ગેસ કંપની દ્વારા વિમો પણ આપવામાં આવતો નથી. શહેરના મોટાભાગના સરકારી આવાસો જોખમી હાલતમાં છે. ૨૪ કલાક પાણીની સુવિધા મળી રહે તે માટે ટાંકી બનાવવામાં આવી નથી. વસાહતમાં આગના બનાવ વેળાએ પ્રાથમિક બચાવ કામગીરી માટે પણ કોઈ સુવિધા ઉભી કરવામાં આવી નથી. હાલની સ્થિતિએ ઘણાખરા સરકારી મકાનો ખાલી છે. જેના લીધે સરકારને રેવન્યુ ગુમાવવી પડે છે. તેનું પણ મોનીટરીંગ કરવામાં આવતુ નથી. સેક્ટરોમાં સ્થિત સુવિધા કેન્દ્રોમાં પણ કોઈ ફરિયાદ સાંભળતુ નથી.

● અનુસંધાન પાન-૭ પર

### આવાસોમાં ૨૪ કલાક પાણી આપવા અન્ડરગ્રાઉન્ડ ટાંકી બનાવો

ગાંધીનગર, તા. ૧૯

શહેરના સરકારી આવાસોમાં ૨૪ કલાક પાણીની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે બ્લોક વાઈઝ કંપાઉન્ડ વૉલ તેમજ અન્ડરગ્રાઉન્ડ પાણીની ટાંકી બનાવવા રજૂઆત કરવામાં આવી છે.

શહેરની સરકારી આવાસોમાં પાણીની સમસ્યા દિનપ્રતિદિન વિકરાળ બની રહી છે. સરકારી આવાસોમાં ઈલેક્ટ્રીક મોટરથી પાણી ચઢાવવામાં આવે છે. અમદાવાદની જેમ શહેરના સરકારી આવાસોમાં ૨૪ કલાક પાણીની સગવડ મળી રહે તે મુજબની વ્યવસ્થા ગોઠવવા મહાસંઘ માંગ ઉઠાવી છે.

મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર સરકારી આવાસના રીનોવેશનની કામગીરીમાં જૂના આવાસોને પ્રથમ પ્રાધાન્ય આપવાના બદલે સારો કાટમાળ નીકળે તેવા જ મકાનોને પ્રથમ રીનોવેશન હેઠળ લેવામાં આવે છે. બીજી તરફ ભયજનક આવાસોની છત પણ સલામત નથી ત્યારે વસાહતીઓને પૂરતા પ્રમાણમાં પાણી પણ મળતુ નથી. સરકારી કર્મચારીઓ દ્વારા આવાસના ફરતે તારની વાડ ઉભી કરવામાં આવી છે. જેમાં પ્લાસ્ટીકની કોથળીઓ સહીત ઝાડના પાદડાઓનો ભરાવો થાય છે. આવા સંજોગોમાં પાઈપલાઈન લીકેજ થાય ત્યારે આવાસોમાં આગ લાગવાની પણ ભીતી સેવાઈ રહી છે. ત્યારે આગના સંજોગોને ધ્યાને લઈને પણ પાણીની સુવિધા ઉપલબ્ધ કરવાનું અનિવાર્ય થઈ પડ્યું છે.

# ગાંધીનગરમાં ગરમીનો પ્રકોપ યથાવત

## રવિવારના દિવસે ગરમીના કારણે માર્ગો એકદમ સુમસામ રહ્યા : છેક રાત સુધી લુ ચાલતી રહી

ગાંધીનગર, તા. ૧૯

ગરમીનો પ્રકોપ યથાવત જ રહ્યો છે. છેલ્લા અઠવાડિયાથી પડી રહેલી કાળઝાળ ગરમીમાં નોંધપાત્ર ઘટાડો ન થતા વસાહતીઓ આકરી ગરમીમાં રીતસર શેકાઈ રહ્યા છે.

ચાલુ વર્ષે પણ ગરમીએ તોબા પોકારાવી છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આકરી ગરમી પડી રહી છે. જનજીવન પર ભારે અસર થાય તેવી આકરી ગરમીમાં સૌ કોઈ હેરાન થઈ રહ્યા છે. રાજ્યના પાટનગરમાં વૃક્ષોની સંખ્યા વધુ હોવા છતાં ગરમીમાં જરાય ઘટાડો થયો નથી. વહેલી સવારથી જ શરૂ થઈ જતી આકરી ગરમીના કારણે હેરાન પરેશાન થતાં વસાહતીઓ છેક મોડી સાંજે જ ઘરની બહાર નીકળે છે. બજારો, માર્ગો અને હરવાફરવાના સ્થળોએ ગરમીના કારણે એકદમ ભીડ ઓછી થઈ ગઈ છે.

# મેડીકલ અનુસ્નાતકના અભ્યાસક્રમમાં નીટની પરીક્ષાના આધારે પ્રવેશ આપવા માંગ

ગાંધીનગર, તા. ૧૯

મેડીકલ ક્ષેત્રમાં એમબીબીએસ પછી અનુસ્નાતકના અભ્યાસક્રમમાં પ્રવેશ નીટ (નેશનલ એલીજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ)ની પરીક્ષાના આધારે આપવા મેડીકલના કેટલાક વિદ્યાર્થીઓએ માંગ કરી છે. મેરીટવાળા વિદ્યાર્થીઓને અન્યાય ન થાય અને પ્રવેશ પ્રક્રિયામાં એકસુત્રતા જળવાઈ રહે તે માટે નીટ દ્વારા પ્રવેશ આપવો જોઈએ તેવી માંગ પ્રબળ બની રહી છે.

મેડીકલની અનુસ્નાતક બેઠકોની પ્રવેશ પ્રક્રિયા બાબતે તાજેતરમાં જ સુપ્રિમ કોર્ટે વચગાળાનો ચુકાદો આપી કુલ સીટો પૈકી ૫૦ ટકા સીટો નીટના આધારે અને ૫૦ ટકા સીટો રાજ્ય સરકારે પોતાની રીતે ભરવાની થાય છે. મેડીકલના વિદ્યાર્થીઓ આ સંદર્ભે રજુઆત કરી રહ્યા છે કે ઈજનેરી, ફાર્મસી, એમબીએ અને એમસીએ જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા કેન્દ્રીયકૃત ધોરણે થાય છે. જ્યારે અનુસ્નાતક મેડીકલના અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા માટે ૫૦ ટકા બેઠકો કેન્દ્રીયકૃત ધોરણે જ્યારે ૫૦ ટકા બેઠકો જે તે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે રીઝર્વ રાખી પ્રવેશ અપાય છે. મેડીકલ સ્નાતકના વિદ્યાર્થીઓ માંગ કરી રહ્યા છે કે અનુસ્નાતક મેડીકલ અભ્યાસક્રમોમાં ૫૦ ટકા રાજ્ય ક્વોટાની બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા જે તે યુનિવર્સિટી દ્વારા અલગ અલગ રીતે ન કરતા કેન્દ્રીયકૃત પ્રવેશ પદ્ધતિથી મેડીકલ પ્રવેશ માટેની એક મીશન કમિટી દ્વારા નીટના સ્ટેટ રેન્કના આધારે કરવામાં આવે તે ઉચિત રહેશે, જેથી પ્રવેશ પ્રક્રિયામાં એકસુત્રતા આવે, મેરીટવાળા વિદ્યાર્થીઓને અન્યાય ન થાય અને ફરીયાદનો મોકો ન રહે તથા વિવિધ યુનિવર્સિટીમાંથી પાસ થયેલા વિદ્યાર્થીઓ વચ્ચે ભેદભાવ ન રહે. દેશભરમાં અન્ય રાજ્યોએ નીટ (NEET)ના મેરીટના આધારે પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો છે તે મુજબ જ ગુજરાતમાં પણ કેન્દ્રીયકૃત ધોરણે પ્રવેશ આપવાની રજુઆત થઈ રહી છે.





**LCD TV રીપેરીંગ**
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
મો ૯૭૧૪૧૯૮૩૬૬

**વેચવાના છે**
**પ્લોટ તથા ફ્લેટ**
સેક્ટર-૨૮માં ઘ-૬ કોર્નર, ૨૦૦ મીટરનો પ્લોટ તથા સે.૪ડીમાં ફ્લેટો
ફોન : ૯૮૨૫૮ ૦૫૧૪૧

**જોઈએ છે**
અમદાવાદ આવવા-જવા માટે કાયમી ડ્રાઈવર જોઈએ છે. અપેક્ષિત પગારના ઉલ્લેખ સાથે સંપર્ક કરો.
મો. : ૯૯૦૯૦ ૩૪૪૯૦










**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com